સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

મંત્રીઓના નિવેદન પર લગામ રાખી દીધી!
અને સંપત્તિ-જાહેરાતથી મર્યાદા બાંધી દીધી!
બાંધી લીધી જવાબી ઢાલ સો દિવસના એજન્ડાથી
પેટમાં પેસી કર્યા પગ પહોળા પાર્ટી સાધી લીધી.

હાઈકુ

દ્વેષ ના ચૂલે,
શિસ્તની તપેલીમાં
ઉકળે ચરૂ!
(ચણભણ શરૂ)

કૃષિ રથમાં -
નવી સરકારનો,
પ્રવેશોત્સવ!
(કાર્યક્રમ શરૂ)

ચિંતન

ગવાદીનાં પયો અન્યેદ્યઃ સદ્યો વા જાયતે દધિ । ક્ષીરો દધ્યેસ્તુ નાદ્યાપિ મહનાં વિકૃતિઃ કુતઃ ॥

'ગાય-ભેંસ વગેરેના દૂધ ઘણી સાચવણ પછી પણ આજ નહીં કાલ કે થોડા સમય પછી બગડી જઇ દહીં જેવું થઇ જાય છે, પરંતુ ક્ષીર સાગર-(દૂધનો સમુદ્ર-જ્યાં ભગવાન શેષ શય્યા પર બિરાજમાન છે એવું માનવામાં આવે છે) - એ દૂધના સાગરનું દૂધ કદી જ બગડતું નથી. ખરેખર જે મહાન હોય એમનામાં (વિચાર-વર્તનમાં) કદી વિકાર-વિકૃતિ આવતાં નથી.'

સંત જન-મહાન લોકો-સજ્જન લોકોને સ્વભાવમાં સારા-માઠે પ્રસંગે-માન-અપમાનના પ્રસંગે કોઇ સાથે અણબનાવ કે બોલાચાલી થાય તો પણ એમનાં વર્તન અને વાણીમાં કોઇ જ ભેદ-ભાવ ઉભો થતો નથી એ એવા જ શાંત અને પ્રફુલ્લિત મન વાળા રહે છે મહાન માણસોના મન-સ્વભાવમાં વિકૃતિ-વિકાર આવતા નથી.

આ વાત સમજાવવા અહીં કાલ્પનિક ક્ષીર સાગરના દૃષ્ટાંતની વાત કહી છે. ગાય ભેંસના દૂધ બગડે પણ ક્ષીર સાગરનું દૂધ બગડતું નથી.

સુવિચાર

- વૃદ્ધ અવસ્થા એ સત્ય ન સ્વીકારવાની જીદનો પર્યાય છે **- રાજચંદ્ર**
- જવાનો વફાદાર રહેવા માંગે છે, અને હોતા નથી, બુઢ્ઢાઓ બેવફા થવા માંગે છે પણ થઇ શકતા નથી **- અરબી કહેવત**
- દવા મારી ધર્મપત્ની છે, પણ સાહિત્ય મારી પ્રેમિકા છે, જ્યારે હું એકથી પાકી જાઉં છું ત્યારે જઇને બીજી સાથે સૂઇ જાઉં છું **- ટોલ્સ્ટોય**
- તટસ્થ ઇતિહાસ નામની વસ્તુ નથી, નિષ્પક્ષ ઇતિહાસ નામની વસ્તુ નથી, જીતેલી પ્રજા ઇતિહાસ લખે છે, હારેલી પ્રજા કવિતા લખે છે **- મનુસ્મૃતિ**
- જે આપણાથી જુદો એ આપણાથી નીચો એવો ભ્રમ મોટાભાગનાને હોય છે, અને માણસ જેટલો શિક્ષિત વધારે એટલો આ ભ્રમ વધારે **- એસ. ભટ્ટાચાર્ય**
- સમુદ્ર નદી કરતાં હંમેશા નીચે હોય છે, માટે નદીઓ દોડતી સમુદ્રમાં ડૂબી જાય છે, નીચે રહેવામાં તમે હંમેશા જીતી શકો છો **- ચીની કહેવત**
- શરીરમાં લોહી વહે છે એ આપણે જોતાં નથી, અનુભવતા નથી, અને એક સત્ય એ છે કે જે આપણને જીવંત રાખે છે, ધબકતું હૃદય સંભળાય છે, વહેતું લોહી સંભળાતું નથી, એમ આપણા શરીરમાં જ કેટલાયે સત્યો છુપાયેલાં છે જેની આપણને ખુદ ને ખબર નથી **- જનકલ્યાણ**

(સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

આજકાલ પ્રધાનમંડળ કે સરકારમાં જેની પોંચ અને લાગવગ હોય એવા સાહિત્યકાર, વેપારી, પત્રકાર પોતાનું વિદેશમાં 'ડેલીગેશન'માં ગોઠવી દે છે અને સરકારી પૈસે વિદેશયાત્રા કરી આવે.

અમેરિકાના સાહિત્યકાર-પત્રકાર અર્નેસ્ટ હેમિંગ્વે બધી રીતે પુરા હતા. શરાબ-શિકારી-બંદૂક-અકસ્માતો-પ્રેમિકાઓ માટે પણ પંકાયેલા હતા પણ વિશેષ કરી એમને એક કલમ નવેશ પત્રકાર અને તડ-ફડ કરી કોઇની પણ શરમ ભર્યા વિના સ્પષ્ટ અને સાચું કહી દેનારા સજ્જન તરીકેની તેમની નામના હતી.

અમેરિકન સરકારે તેમને રશિયા સંસ્કૃતિ મંડળના પ્રતિનિધિત્વ તરીકે મોકલવાનું નક્કી કર્યું. અર્નેસ્ટ હેમિંગ્વે ને એ વજૂદ વિનાનું જણાયું-ગમ્યું નહીં - એમાં નાણાં આપનાર એક અધિકારીએ એમને પુછ્યું - 'ત્યાં જઇ તમે શું કરશો'

હેમિંગ્વે એ ઉદ્ધત ભાવે જવાબ દીધો - જૂઓ! મને રશિયન ભાષા તો આવડતી નથી, મારી ભાષામાં લેક્ચરો ઠોકીસ, ફોટા પડાવીશ, ઓટોગ્રાફ આપીશ - બીજો તો ત્યાં જઇ મારે શું કરવાનું છે?!

Email - sureshchandrabhatt18@gmail.com

આયુર્વેદનો સૌ પ્રથમ ઉલ્લેખ કયા ગ્રંથમાં જોવા મળે છે?

ભારતનો ઇતિહાસ

ખજાનો
- ડૉ. અનિલ પટેલ

(૧) ક્રાન્તિકારી આંદોલનમાં કંઇ મહિલાએ વિદેશમાં રહી ભારતીય ક્રાન્તિકારીઓને મદદ કરી હતી?
(અ) સરોજિની નાયડુ (બ) કમલાદાસ
(ક) મેડમકામા (ડ) એનીબેસન્ટ

(૨) સૌ પ્રથમ ચાંદીના સિક્કાના રૂપિયા કોણએ બહાર પાડ્યા?
(અ) સિકંદર લોદી (બ) હુમાયુ
(ક) શેરશાહ સૂરી (ડ) અકબર

(૩) વાસ્કો-ડી-ગામા કયા દેશનો વતની હતો?
(અ) ફ્રાંસ (બ) જર્મની
(ક) પોર્ટુકલ (ડ) હોલેન્ડ

(૪) આયુર્વેદનો સૌ પ્રથમ ઉલ્લેખ કયા ગ્રંથમાં જોવા મળે છે?
(અ) ઋગ્વેદ (બ) અર્થર્વવેદ
(ક) સામવેદ (ડ) ભૃગુસંહિતા

(૫) જહાંગીરની બેગમ નૂરજહાંનું મૂળ નામ શું હતું?
(અ) રૂકિયા બેગમ (બ) હમીદા બાનો
(ક) મેહરૂનિસા (ડ) અસ્મત બેગમ

(૬) અખિલ ભારતીય કિશાન સભાની રચના કયારે અને કયાં થઇ હતી?
(અ) ૧૯૪૨ કાનપુર (બ) ૧૯૩૪ લખનૌ
(ક) ૧૯૩૮ મુંબઇ (ડ) ૧૯૩૫ કોલકત્તા

(૭) કયા શીખ નેતાએ ઇસ્લામ ધર્મ ન સ્વીકાર્યો તેથી ઔરંગઝેબે હત્યા કરી?
(અ) ગુરૂ ગોવિંદસિંહ (બ) ગુરૂ અર્જુનદેવ
(ક) તેગ બહાદુર (ડ) સુરજીતસિંહ

(૮) 'ભારત અને ઇંગ્લેન્ડના આર્થિક હિત પ્રત્યેક ક્ષેત્રમાં ટકરાય છે' આ વિધાન કોનું છે?
(અ) ગાંધીજી (બ) દાદાભાઇ નવરોજી
(ક) જવાહરલાલ નહેરૂ (ડ) વલ્લભભાઇ પટેલ

(૯) પૃથ્વીરાજ વિરૂદ્ધ લડાઇ કરવા માટે કયા રાજપૂત શાસકે મહંમદ ઘોરીને બોલાવ્યો હતો?
(અ) મૂળરાજ બીજો (બ) જયચંદ
(ક) ભીમ બીજો (ડ) ભાયચંદ

(૧૦) ઘોડાના હાડકાના અવશેષો માટે કયું સ્થળ જાણીતું છે?
(અ) સૂરકોટડા (બ) ધોલાવીરા
(ક) ભીમપુરી (ડ) લોથલ

(૧૧) ભારતીય પ્રાંતોને પચાવી પાડવા ખાલસાનીતિ કોના દ્વારા અપનાવાઇ હતી?
(અ) લોર્ડ કોર્નવોલીસ (બ) લોર્ડ કલાઇવ
(ક) લોર્ડ ડેલાહાઉસી (ડ) લોર્ડ વેલેસ્લી

(૧૨) મરાઠા સામ્રાજયની સૌ પ્રથમ બહાદુર સ્ત્રી કોણ હતી?
(અ) શાન્તાભાઇ (બ) અનૂરીબાઇ
(ક) તારાબાઇ (ડ) કમળાબાઇ

(૧૩) બાણભટ્ટ નીચેનામાંથી કયા સમ્રાટના રાજદરબારી કવિ હતા?
(અ) અશોક (બ) વિક્રમાદિત્ય
(ક) કનિષ્ક (ડ) હર્ષવર્ધન

(૧૪) એશિયાટીક સોસાયટી ઓફ બેંગાલના સ્થાપક કોણ હતા?
(અ) સર વિલિયમ જોન્સ (બ) એનીબેસન્ટ
(ક) લોર્ડ વિલિયમ બેન્ટિક (ડ) રાજારામ મોહનરાય

(૧૫) દશ રાજાઓનું યુદ્ધ કઇ નદીના કિનારે લડાયું હતું?
(અ) સરસ્વતી (બ) સિંધુ
(ક) સતલજ (ડ) રાવી

વિવિધા

વિષય : આ સપ્તાહમાં આવતા વિશ્વના વૈજ્ઞાનિકોના જન્મદિવસ

- ૧૩ જૂન ૧૯૧૧ લૂઇસ એલ્બર્ઝ-અમેરિકન ભૌતિક વૈજ્ઞાનિક ૧૯૬૮માં નોબલ પારિતોષિક વિજેતા.
- ૧૩ જૂન ૧૯૧૧ એરવીન મૂલર - જર્મન-અમેરિકન ભૌતિકશાસ્ત્રી.
- ૧૩ જૂન ૧૯૦૩ વિલાર્ડ બેનેટ - અમેરિકન ભૌતિકશાસ્ત્રી ૧૯૩૪માં પીન્ચ ઇફેક્ટના શોધક
- ૧૪ જૂન ૧૯૨૪ સર જેમ બ્લેક - સ્કોટલેન્ડના ફાર્મોકોલોજીસ્ટ વૈજ્ઞાનિક, ૧૯૮૮માં નોબેલ પારિતોષિક વિજેતા.
- ૧૪ જૂન ૧૯૧૭ એલ્ટ સેલબર્ગ-નોર્વેના ગણિતશાસ્ત્રી ૧૯૬૮માં વોલ્ફ પ્રાઇઝ વિજેતા
- ૧૪ જૂન ૧૯૬૮ કાર્લ લેઇન્ડસ્ટેનર - ઓસ્ટ્રેલિયીન - અમેરિકન ઇમ્યુનોલોજીસ્ટ, ૧૯૩૦માં નોબલ પારિતોષિક વિજેતા.
- ૧૫ જૂન ૧૯૧૬ હર્બટ એલેક્ષઝેન્ડર સિમોન - અમેરિકન સોશિયલ સાયન્ટીસ્ટ.
- ૧૫ જૂન ૧૯૧૫ થોમસ વેલર-થોમસ હકલ વેબર એ અમેરિકાના જાણીતા માઇક્રોબાયોલોજીસ્ટ હતા. ૧૯૫૪માં નોબલ પારિતોષિક વિજેતા.
- ૧૫ જૂન ૧૯૦૨ એરીક એચ. ઇરીકશન - જર્મન-અમેરીકન સાયકોએનાલીસ્ટ.
- ૧૬ જૂન ૧૯૦૯ અર્ચીકેર - અમેરીકન બાયોલોજીસ્ટ, 'ટર્ટલ મેન' તરીકે જાણીતા વૈજ્ઞાનિક.
- ૧૬ જૂન ૧૯૦૨ બર્બરા મ્લેકક્રિન્ટોસ્ટ - અમેરીકન સાયન્સીસ્ટ જીનેટીકલ સાયન્ટીસ્ટ.
- ૧૬ જૂન ૧૯૦૨ જયોર્જ ગેલોર્ડ સીમ્પસન-અમેરીકન પેલેએન્ટોલોજીસ્ટ.
- ૧૬ જૂન ૧૯૨૯ એડવર્ડ ઓ. વિલ્સન - અમેરિકન બોયોલોજીસ્ટ.
- ૧૭ જૂન ૧૯૩૯ ફેડરીક જહોન વાઇન-ઇંગ્લીશ મરીન જીઓલોજીસ્ટ અને જીઓફીઝીસ્ટ
- ૧૭ જૂન ૧૯૨૦ ફ્રાનકોઇસ. જેકોબ - ફ્રેન્ચ બાયોલોજીસ્ટ, ૧૯૬૫માં નોબલ પ્રાઇઝ વિજેતા
- ૧૭ જૂન ૧૯૧૯ વિલિયમ કે. એસ્ટેસ - અમેરિકન સાયકોલોજીસ્ટ
- ૧૭ જૂન ૧૮૭૬ એડવર્ડ એન્થોની સ્પીતકા - અમેરીકન એનેટોમીસ્ટઅને બ્રેઇન મોર્ફોલોજીસ્ટ વૈજ્ઞાનિક.
- ૧૮ જૂન ૧૯૩૨ ડુડલે હર્ષલચ-અમેરિકન રસાયણશાસ્ત્રી ૧૯૮૬માં નોબલ પારિતોષિક વિજેતા.
- ૧૮ જૂન ૧૯૨૬ એબન રેક્ષ સન્ડેઝ - અમેરિકન ખગોળશાસ્ત્રી ક્યુસી-સ્ટેલર રેડિયો.
- ૧૮ જૂન ૧૯૧૮ જેરોન કાર્લે - અમેરીકન ભૌતિક રસાયણ વૈજ્ઞાનિક ૧૯૮૫માં નોબલ પારિતોષિક વિજેતા.
- ૧૯ જૂન ૧૯૩૩ વિકટર ઇનોવીચ પાત્સયેવ - સોવિયેટ અવકાશ વૈજ્ઞાનિક, સોયુઝ-૨ યાનના ડિઝાઇનર.
- ૧૯ જૂન ૧૯૨૪ રેમોન્ડ નૂર્ડા - અમેરીકન ઇલેકટ્રીકલ એન્જીનીયર, 'ફાધર ઓફ કોમ્પ્યુટર નેટવર્કીંગ' તરીકે જાણીતા.
- ૧૯ જૂન ૧૯૨૨ એગ.એન.બોહર. એગ નીલ બોહર એ ડેનીશ ભૌતિકશાસ્ત્રી હતા, જાણીતા ભૌતિક વૈજ્ઞાનિક નીલ વોહરના પુત્ર

ગયા સપ્તાહનો સવાલનો જવાબ

સવાલ - સ્વર્ગીય ગોપીનાથ મુંડે કેન્દ્ર સરકારમાં કયા વિભાગના મંત્રી હતા? **જવાબ - ગ્રામીણ વિકાસ અને પંચાયત**

સાચા ઉત્તર આપનાર પત્ર મિત્રો

(૧) જયેન્દ્ર એન. પાઠક : ૬૨૦/૧, સે-૬બી
(૨) નટુભાઇ દરજી : પેથાપુર
(૩) ઋજિત એ. રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી
(૪) મૂળજીભાઇ પરમાર 'દધિ' : ૫૫૩/૧, સે-૭બી
(૫) મહેશ એમ. જાદવ : સે-૩૦

આ સપ્તાહનો સવાલ

તાજેતરમાં સંસદના સભાપતિ તરીકે કોની નિયુક્તિ કરવામાં આવી?
આપના સાચાં જવાબ સાત દિવસમાં મોકલવામાં માટેનું સ્થળ
ગાંધીનગર સમાચાર - ખજાનો વિભાગ
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

સાચા જવાબો

૬ (૧૬) ૫૮ (૨૬) ૬ (૩૬) ૬ (૪૬)
૬ (૧૬) ૫૮ (૦૬) ૫૭ (૭) ૬ (૭) ૬ (૭) ૫૩ (૩) ૬ (૫) ૫૨ (૨) ૬ (૬) ૬ (૨) ૬ (૧)

જીંદગીની કરૂણાતાઓ, આઘાત-પ્રત્યાઘાતો-દુન્યવી પીડાઓ વચ્ચે જીવવાની તાકાત પૂરી પાડતી શેર-શાયર-ગઝલોની દુનિયામાં ડોકીયું

ચેતનાનો સમય

- પ્રો. ઇન્દુભાઇ ભટ્ટ

ચેતનાનો સમય
- પ્રો. ઇન્દુભાઇ ભટ્ટ

આપણા દેશમાં જૂના રાજરજવાડાઓના સમયથી માંડીને બારમાસીની જેમ આજે પણ શેર-શાયરી-ગઝલો પોતાની સૂવાસ ફેલાવી રહી છે. શેર-શાયરી-ગઝળોને વિશિષ્ટ અદામાં ગનારાઓની એક દુનિયા છે. તેને સાંભળનારા પણ આંખના ખૂણાને ભીંજવી નાખતી શેર-શાયરીઓ અને ગઝલો સાંભળતા સાંભળતા વાહ વાહ કયા બાત હૈ કહીને ખેદજનક આનંદ મેળવતા હોય છે. તો ચાલો આપણે આજે શેર-શાયરી-ગઝલોની દુનિયામાં એક ડોકીયું કરી લઇએ. વાચકો તો વાંચીને વાહ વાહ કરશે પણ આંખનાં ખૂણાને ભીંજવી પણ નાખે તો નવાઇ નહીં. સૈફ પાલનપુરી એ તેની ગઝલમાં દર્દનાક વાત કરી છે.

"પધારે છે કદી તેઓ કે ના સંદેશ પણ આવે
પ્રભુ આવી દશા તો કોઇ દુશ્મનનીય ના લાવે!
મિલનની ઝંખનામાં કયાં સુધી કોઇ દિલને બહેલાવે?
હવે તો સૈફ' ઇચ્છા છે કે મૃત્યુ દાર ખખડાવે
ઘડીભર તો મને લાગે કોઇના આગમન જેવું."

ગઝલકારો તેની ગઝલમાં જાણે કે પોતાને અનુભવ થયો હોય તેની વાત કરીને કેટલાક લોકોની જીંદગીમાં આવા પીડાદાયક અનુભવો થયા હોય છે. તેની વાત કરી છે. પોતાનું પ્રિયપાત્ર દૂર ચાલી ગયું છે. તે પાછું પણ આવતું નથી કે તેનો કોઇ સંદેશો પણ આવતો નથી. પોતાનું પ્રિયપાત્ર કયારેક તો આવશે અને તેના મિલનની ઝંખનાને તૃપ્ત કરશે.

પણ એની ઝંખના માત્ર ઝંખના જ રહે છે અને ઝંખનાથી દિલને બહેલાવી લે છે છેવટે તો મિલનની ઝંખનાથી થાકી ગયેલ હારી ગયેલ માનવી સ્વગત કહે છે કે હવે તો મૃત્યુ દ્વાર ખખડાવે તો સારૂં. જેથી ઘડીભર લાગે કે કોઇક તો પધાર્યું છે પણ એ તો મૃત્યુ છે કેવી દર્દનાક વાત કરી છે.

જો કે આમાં પ્રિયપાત્રના આગમનની ઝંખનાની વાત ઉપરાંત કોઇ વ્યક્તિનું સંતાન ચાલ્યું ગયું હોય અને એ સંતાનના મિલનની ઝંખનામાં પિતા દુઃખી થતા હોય પણ ઘડપણ આવતાં સુધી સંતાનને સંદેશો પણ નથી ત્યારે પિતા સ્વગત બોલે છે કે હવે તો સંતાનને બદલે મૃત્યુ દ્વાર ખખડાવશે ત્યારે કોઇના આગમન જેવું સમજીને સંતોષ માની લઇશ.

ભગવતી કુમાર શર્મા રચિત ગઝલમાં આંખ ભિંજવી નાખે તેવું દર્દ વ્યક્ત કર્યું છે.

"કૃપા ઇશ્વરની લેખો કે ગણો એ શાપ કિસ્મતને
નથી લીધો કદી એક શ્વાસ પણ આરામનો મેં તો.
સહ્યો છે જીંદગીભર વ્યગ્રતાનો ભાર ઓ મિત્રો
ઉઠાવી લ્યો હવે મૃતદેહ પરથી ફુલનો ઢગલો
મને તો અશ્રુ કેરા બિંદુઓનું પણ વજન લાગે "

જીંદગીભર કોઇ વ્યક્તિની તેની નોકરી-કામ-ધંધા મજુરી કામ-ઘરની જવાબદારીનો વેંઢારતો પડતો ભાર આ બધાંમાં કદી નિરાંતથી બેસીને શ્વાસ લેવાનો પણ સમય મળતો નથી કે ભાગ્યમાં આરામનું નામ નિશાન નથી. જાણે કે ઇશ્વરની કૃપા સમજવી કે શાપ સમજવો જે હોય તે પણ કિસ્મતમાં હંમેશા જીંદગીમાં વ્યગ્રતા, દુખ, આઘાત, પીડા જ માંડેલો હોય અને આ બધાના ભાર સાથે માનવીનું મૃત્યુ થાય પછી તેના શબને દર્શન માટે શણગારીને પ્રદર્શીત કરાયું હોય ત્યારે ડાઘુઓ-મિત્રો-સગાવહાલા બધાં ફુલોના ગુચ્છ લાવી શબ ઉપર પધરાવે છે અને સ્વજનના મૃત્યુથી દુઃખ અનુભવી અશ્રુ સારે છે. ત્યારે ગઝલકારે પીડાદાયક વાત કરીને કહ્યું છે કે જીંદગીભરનો ભાર વેંઢારીને મૃત્યુ પામી જીંદગીનો ભાર લઇને સુતો છે. તો સ્વજનોએ પધરાવેલો ફૂલોનો અને તેઓએ પાડેલા આંસુઓનો પણ ભાર હવે સહન થતો નથી તેનો પણ ભાર લાગે છે.

જમિયત પંડ્યા નામના ગઝલકારે માનવીના સંકુચિત માનસની વાત કરતી ગઝલમાં કહ્યું છે કે

"અમીરી ને ગરીબીમાં તફાવત છે ફક્ત મનનો
નથી મોટાઇ મનની ને ભિખારી ના ભિખારી જ છે."

અમીરી અને ગરીબી એ માત્ર મનમાં ઊભો કરેલો ભેદભાવ છે. કેટલાક અમીર લોકો ધન-દોલતથી અમીર બન્યા હોય પણ મનથી તો ગરીબ જ રહ્યા હોય છે. ભિખારી જેવા જ રહ્યો હોય છે જયારે ગરીબ લોકો તો આર્થિક રીતે ભલે ગરીબ દેખાય પરંતુ તેઓના મન તો અમીર હોય છે અમીર લાગતા લોકો ભૌતિક રીતે ભલે મોટા દેખાય પણ તેઓમાં મનની મોટાઇ હોતી નથી. એ તોઅમીર બનવા છતાં ભિખારીના ભિખારી જ મનથી રહે છે.

બરકત વિરાણી લિખીત એક શાયરીમાં સારા અને નરસા લોકોની દશા કેવી હોય છે તે બાબતે ઇશ્વરને ફરિયાદ કરતી વાત કરી છે.

"પ્રભુ! તારી કસોટીની પ્રથા સારી નથી હોતી
જે સારા હોય છે એની દશા સારી નથી હોતી"

શાયરીમાં દર્દનાક વાત કરી છે કે હે ઇશ્વર તારા ન્યાયમાં તારા મેનેજમેન્ટમાં કાંઇક ખામી રહી ગઇ છે. તારી ન્યાય કરવાની પ્રથા બરાબર નથી લાગતી દુનિયામાં હરામખોર લોકો, લૂચ્ચા લફંગા લોકો, ભ્રષ્ટાચારી લોકો, બધી રીતે ખરાબ લોકોની દશા સારી હોય છે અને ભૌતિક રીતે સુખી હોય છે પણ સારા, પ્રામાણિક, ચારિત્ર્યવાન, સીધા સાદા લોકોની દશા ખરાબ હોય છે. આમ કેમ? ઇશ્વરની કસોટીની આ પ્રથા બરાબર નથી લાગતી.

જો કે ઇશ્વરની આ એક એવી કસોટી છે કે તમારા ઉપર ઇશ્વર જે કાંઇ આફતો નાખે છતાં તમે તમારી સારાઇ છોડશો નહિ. ઇશ્વરની આ કસોટી સમજીને તમે સહન કરી કસોટીમાં પાસ થઇ જશો તો ઇશ્વર ખુશ થઇ જશે અને પેલો હરામખોર પ્રત્યેની કસોટીમાં ઇશ્વર આંધળો નથી પરંતુ એ માણસ ઇશ્વરની કસોટીમાં નાપાસ થયો છે. ખરાબ માણસે તેની ખરાબી છોડી દેવી જોઇએ અને તેનામાં રહેલી ખરાબીને દૂર કરીને ઇશ્વરની કસોટીમાંથી પાર નીકળી જવું પડે.

ગઝલકાર શયદાએ કટાક્ષસભર ગઝલ રજૂ કરતાં કહ્યું છે કે

"વર્તન એ બુદ્ધિપૂર્વક કરશે ને કોઇ ટાણે,
કારણ કે ચડ્ય નથી એ સંસારની સરાણે,
નાદાન છે, ભલે ને એમજ એ મોજ માણે
શું બાળકો બિચારા કાજળની વાત જાણે,
આંખોની સાથે મોઢું કાળું કરી જવાના"

નાનું અણસમજું બાળક નાનપણમાં જે ભોળપણમાં નિર્દોષ ભાવે જે વર્તન કરે છે તે બુદ્ધિપૂર્વકનું હોતું નથી કારણ કે હજુ તેનામાં સમજ આવી નથી. સંસારરૂપી સરાણે ચઢ્યું નથી. નાદાન છે એ તો એની રીતે મોજમસ્તી કરે છે. તેની મા બાળકની આંખમાં કાજળ આંઝે છે. બાળકને તો કાજળની શું ખબર પડે એ તો મસ્તીમાં આંખો ચોળી નાખે અને આખો ચહેરો કાળો કાળો થઇ જાય. જો કે ગઝલકારનો આમાં કાંઇક અલગ સંદેશો છે.

મોટી ઉંમરના લોકોના અનુભવની સરાણે ચઢેલા હોય છે બુદ્ધિશાળી હોય છે. પુખ્યવયના મોટા લોકો તો ખોટા કામો કરીને, વાણી, વર્તન, વ્યવહારમાં સભ્યતા દાખવીને પોતાની મોટપ ઉપર કાળા ડાઘ લગાડે છે. તેના ચરિત્ર ઉપર કાલીમા છવાય જાય તેવું જીવન જીવે છે. બાળક તો અણસમજમાં તેના ચહેરા ઉપર કાજળના ડાઘ પાડે તે ભૂંસી શકાય છે પરંતુ મોટી ઉંમરના સમજદાર લોકોએ તેના જીવનમાં કરેલા પાપોની તેના જીવન ઉપર લાગેલા કાળાડાઘ કદી ભૂંસી શકાતા નથી.

ફાની ઉપનામ ધરાવતાં ગઝલાકારે તેની ગઝલમાં સરસ વાત કરી છે.

"એકાદમાં તો ઇશ્વર વસતો હશે ને
બસ, એટલે જ માનવ માતર મને ગમ છે."

ગઝલકારે કટાક્ષસભર ગઝલમાં વાત કરી છે કે દુનિયામાં માનવતા, દયા મરી પરવારી છે. કોઇ સારો માણસ જોવા મળતો નથી.

(અનુસંધાન પાના નં. ૬ પર)

કોલેજ લાઇફ : મારી કોલેજ અને હું

ધ કૉફી હાઉસ

- ઉત્સવ પરમાર

આખા વરસ માં આશાઓ અને ઉમંગ થી ભરેલો સૌથી નિર્દોષ મહિનો કયો? જૂન, મારી દ્રષ્ટિ એ! સિનીયર કે.જી. ના ટાબરિયા ને પહેલા ધોરણ માં જવાનો ઉત્સાહ છે, નવમા ધોરણ માં ભણતી છોકરી ને દસમાના બોર્ડ યર માં પ્રવેશવાનો ઉમંગ છે અને સૌથી વધુ થનગનાટ જેની ભીતર હોય છે તે...૧૭ ક્રોસ કરીને ૧૮ ના બારણે ટકોરા મારતાં, સ્કૂલ લાઈફ ની અગણિત યાદો લઈ ને પંખી ની જેમ એક નવું આકાશ નવી દુનિયા તરફ પાંખ પસારતા વિદ્યાર્થી ની અંદર ! કોલેજ... આ શબ્દ નું જ સ્વયં એક રોમેન્ટીસિઝમ હોય છે...એક ફિલ્મી દુનિયા ... અને હઝારો સપનાઓ અને ખયાલો...! કોલેજ માં પ્રવેશેલા અને કોલેજ માં થી પાસ આઉટ...બન્ને માટે કોલેજ લાઈફ ના વરસો ની પોતાની મજા હોય છે ! ચાલો મારી કોલેજ લાઈફની જરા સરખી વાત કરું... તમને મજા પડે તો!

કોલેજ અને કોલેજ લાઈફ વિષે વિચાર આવે ત્યારે આપણા જીવાઈ ચુકેલા ઈતિહાસ નો કોઈ એક ટુકડો યાદો ના બારણાં જોર જોર થી ખખડાવતો હોય એટલી પ્રચંડતા નો સાયક્લોનિક અનુભવ થાય... કોલેજ માં જેટલી તીવ્રતા અને ઈમાનદારી થી જીવાય છે એટલે કદાચ પછીની ઝીંદગી માં જીવવું લગભગ મુશ્કેલ છે ! કોલેજ માં હોઈએ ત્યારે રસ્તા માં મરેલા કુતરા ની ફૂલેલી લાશ જોઈને કંપારી છૂટી જાય એટલી સજીવતા હોય છે અને કોલેજ પૂરી થઈ ગયા પછી એક્સીડન્ટમાં કચ્ચરઘાણ વળેલી કારના પેસેન્જરો નું શું થયું હશે એનો વિચાર પણ ના આવે એટલી બધી નિર્જીવતા આવી જાય , અંદર ના અવાજ ખબર નહિ ક્યાંક ચાલ્યા જાય છે અને પાછળ છોડી જાય છે... એક સન્નાટો ! અને કદાચ આ સન્નાટો તોડી નાખવાની તાકાત પણ કોલેજ લાઈફ માં જ ક્યાંક ભેગી થઈ ગઈ હોય છે!

યસ...કોલેજ લાઈફ જયાં મેં મારા પસીના ની ગંધ ને તીવ્રતા થી અનુભવી અને શર્ટ ની બાંય થી કપાળ નો પરસેવો લૂછતા શીખ્યો! મારું નામ, ઉત્સવ પરમાર, એનરોલમેન્ટ નંબર ૨૫ તરીકે કોલેજ માં જીવાયેલા ચાર વરસો માં એટલી સારી અને ખરાબ યાદો ભેગી કરી છે કે બાઈક ચલાવતા રસ્તા માં કોલેજ આવે કે ઠંડા પવનના અંધારા માં નોસ્ટાલ્જિક થઈ જવાય તો આંખોય ભીની થાય ને ખડખડાટ હસી પણ પડાય...! યસ... તમારી જેમ મારી પાસે પણ વાર્તાઓ છે કહેવા માટે અને કિસ્સાઓ છે હસવા માટે!

કદાચ અરીહંત સ્કૂલ ઓફ ફાર્મસી અને બાયો રિસર્ચ ઈન્સ્ટીટયુટ જેવડુ લાંબુ લચક નામ ભાગ્યે જ કોઈ કોલેજનું હશે પણ એ હકીકત છે કે જિંદગી ના ચાર મહત્વપૂર્ણ વરસો તેની પીળી દિવાલો વચ્ચે થી જ પસાર થઈ ગયા... અને આપી ગયા એટલા બધા અનુભવો કે ફરી વાગોળીએ તો ખોબો ભરી ભરી ને કોઈ નદી નું પાણી એકીશ્વાસે પી ને આકાશ સામું જોઈએ એવી અનુભૂતિ થાય! જાત ભાતના ડાઘ પડેલા એપ્રન, સલ્ફ્યુરિક એસિડ ની જાલિમ બુંદો એ સળગાવેલા નવા નક્કોર જીન્સના પેન્ટ, પ્લાસ્ટિકના બોક્સ માં પડેલી ગંધાતી તૂટેલી ટેસ્ટટ્યુબો, એક જ ચોપડા માં સમાવી લીધેલું ચાર સેમેસ્ટર નું નોલેજ, સુગંધ અને દુર્ગંધ ના ઈતિહાસમાં નોંધાઈ જ ના હોય એવા કેમિકલ્સ ની વાસ , ટપકતા નળ , ચાર જર્નલ માં પ્રેકટીકલ મુજબ ચડતું એક પ્રાગ-ઐતિહાસિક બ્રાઉન પૂંઠું, અટકી પડેલી ઘડિયાળો અને દોડી ને જતો સમય... એટલી બધી નાની નાની યાદો કોતરાયેલી છે ને પથ્થર જેવા મન પર કે આજે એનો આકાર કોઈ ખૂબસૂરત મૂર્તિ જેવો છે. આમ કોલેજ સરસને માણસો ય સારા... કેન્ટીન માં ચા અને બે-ત્રણ ઝાડ ના છાંયડાનું સુખ હતું અને આજે તો એ કેન્ટીનની કાયા પલટ પણ થઈ ચુકી છે!

કોલેજના કોરીડોરમાં પડતા તડકા ને ઝીલીને પાછો આકાશ તરફ ફેંક્યો છે , એના પગથિયાં ઓ પર જાનવર ની જેમ ચડ ઉતર કરી છે, ચાલુ લેક્ચર્સ માં બારી ની બહાર જોઈને ફિલસુફીઓ અને કીમિયા ઘડ્યા છે, લાંબી લચક પરીક્ષા ના છેલ્લા દિવસે દોડી ને બસ પકડી ઘરભેગા થવાની તાલાવેલી અનુભવી છે, કેન્ટીન માં બેઠા બેઠા દેશ અને દુનિયા ભર ની વાતો ઈમાનદારી થી અને સ્વાર્થ વિના કરી છે... અને આવા અનુભવ ફક્ત મારા પૂરતા જ સીમિત નથી ! ભારત ભર ની કોલેજ ના સરેરાશ ભારતીય છોકરાઓના કૈક આવા જ અનુભવ હોય છે... કોલેજ ના પ્રોટેક્ટેડ બબલ માં સહેલાઈ થી કમ્યુનિસ્ટ થઈ શકાય છે!

આટલા વરસોમાં અરીહંત આંખો ની સામે જ જાણે બદલાઈ અને ટાઈમ ટ્રાવેલ કરી ને ટાઈમ મશીનમાં નીકળીને જોઈએ ને આશ્ચર્ય થાય એટલી ઝડપથી...! દરેક કોલેજનું પોતાનું જીવન ચક્ર હોય છે, એના પાયા નંખાય ત્યારે એ ભાખોડિયા ભરતા બાળકની પેઠે એય મા નો ખોળો ઝંખતી હોય ને પછી કોલેજ પણ દીકરીની જેમ ધીમે ધીમે મોટી થાય...! અરીહંત નિરંતર વિકાસ ના રસ્તા પર છે, એ જાણી ને આનંદ થાય! અહિયાં થયેલા તમામ ગ્રાસ રૂટ એક્સપીરીયન્સ બેશક જિંદગી નેસમજવાનો એક આયામ આપે છે. કદાચ કોલેજ એ જગ્યા છે જયાં કિસ્મત તમને તરાશે છે અને આપણે કિસ્મત ને! બસ... અરીહંત માં એક બાંકડો જ ખૂટે છે... અને એટલે જ ત્યાં વાર્તાઓ ની કમી છે! વેલ...ધેટ વોઝ અ બીટ અબાઉટ માય કોલેજ લાઈફ....અહિયાં ઘટનાઓ ના નહિ પણ અનુભવો ના ટચૂકડી વા